SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 66. ઉત્તર ગુજરાતની ભીલી સભ્યતા અને સંસ્કૃતિ

સેંગર સેજલ મહેન્દ્રભાઈ

હર હંમેશને માટે ગુજરાત સાહિત્ય અકાદમીનો મુખ્ય ધ્યેય અભ્યાસક્ષમ વિષયોના પરિસંવાદો યોજીને તે નિમિતે જે સંશોધન-પત્રો રજૂ થાય તેનું પુસ્તકના રૂપમાં પ્રકાશન કરવાનો રહિયો છે. એ જ આશયને પુનઃ ઉજાગર કરવા ગુજરાત સાહિત્ય અકાદમી ફરી એક વાર નવા જ વિષયો સાથે ગુજરાત સાહિત્યના પ્રગાઢ પંડિતો, શોધછાત્રો અને જીજ્ઞાસુઓને કામે લગાડ્યા છે. આ વખતે ગુજરાત સાહિત્ય અકાદમીએ એક દિવસીય પરિસંવાદના વિષય રૂપે **'ઉત્તર ગુજરાત'**ના પ્રદેશને ત્યાંનું લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, પરંપરા, કલા, રીતિરિવાજો,પ્ર થાઓ, વેશભૂશાઓ, ભાષા અને બોલીઓ વગેરે વિષયોને ધ્યાનમાં રાખીને આ પરિસંવાદનું આયોજન કરેલું છે. આ વિષયોને કેન્દ્રમાં રાખીને ગુજરાતનું આ મહાતપ ધ્યાનમાં આવે. અને વર્તમાન અને ભવિષ્યમાં તે આ ક્ષેત્રના અભ્યાસીઓ માટે સંદર્ભગ્રંથ રૂપે ઉપલબ્ધ બને તે માટે કાર્યરત થયું છે. આ નિમિતે **'ઉતર ગુજરાતની ભીલી સભ્યતા અને સંસ્કૃતિ'** વિશે ચર્ચા કરવાનો મારો ઉપક્રમ રહ્યો છે.

માનવ સંસ્કૃતિની ઉદ્ભભવના આ સમયખંડને અભ્યાસીઓ દ્વારા ૩ યુગોમાં વિભાજવામાં આવ્યો છે. આરંભના કાલખંડને "પ્રાગૈતિહાસિક યુગ" તરીકે ઓળખવામાં આવે છે. આ પછીના સમયને "આદિ ઐતિહાસિક યુગ" અને અંતિમ એટલે કે અત્યાર સુધીના કાળને "ઐતિહાસિક યુગ" કહેવામાં આવે છે. માનવ અભિવ્યક્તિ માટે જરૂરી લેખનકળાના વિકાસ પૂર્વેનો સમય તે "પ્રાગૈતિહાસિક યુગ'' તરીકે ઓળખાય છે.

ભારતમાં પ્રાગૈતિહાસિક યુગની શરૂઆત ૨ લાખ વર્ષ પહેલાથી ગણાય છે, પણ તેનો છેલ્લો કાલખંડ કે જેને કે લઘુ પાષાણ યુગ કે નાવ પાષાણ યુગ કહેવામાં આવે છે, તે ફક્ત છ હજાર ગણાય છે.

ત્યાંની હાલની જે સંસ્કૃતિ છે તે ફક્ત વર્તમાન સમયની પ્રથા નથી. તે પરંપરા છે. આ પરંપરામાં ઘણું-બધું આદી અને પ્રાચીન સંગ્રહીત હોય છે. આ અવશેષો તે સમયની સંસ્કૃતિનો ઇતિહાસ કરે છે. કાળના પ્રવાહમાં વિધિ-વિધાનો અને કંઠસ્થ લોકસાહિત્ય રૂપે સ્થિર રહેલા આ અને આજદિન સુધી ચાલી આવતી પરંપરિત જીવન-રીતિ તથા માનવે ઉપયોગમાં લીધેલી ભૌતિક સામગ્રી કોઈ પણ સંસ્કૃતિની સંરચનાની વ્યાખ્યાનું એક મૂલ્યવાન સાધન છે. આ સચવાઈ રહેલા અવશેષોનું અન્વેષણ કરતાં કરતાં આપણે જે તે સંસ્કૃતિનાં મૂળ સુધી પહોંચી શકીએ.

અહીં આપણો ઉપક્રમ પહેલાં આનર્તના નામે ઓળખાતા અને અત્યારે ઉત્તર-પૂર્વ દિશા તરફ અરવલ્લી પહાડ સુધી વિસ્તરેલા ઉત્તર ગુજરાતમાંથી મડેલ પાષાણ ઓજારો, ભીલોની વર્તમાન જીવનરીતિ અને કંઠસ્થ સાહિત્યના આધારે ભીલ સભ્યતા તરફ અંગુલિનિર્દેશ કરવાનો છે.

પ્રાગૈતિહાસિક સંશોધન માટે દુનિયાના અતિ પ્રાચીન અરવલ્લી પહાડની અકેન્દ્રિત હારમાળાઓની તળેટીઓ અને આ શિખરાવલિઓમાંથી નીકળતી ભિમાક્ષી, કોસંબી, હરણાવ, દુકાળી અને સાબરમતી જેવી નદીઓની ભેખડો પર ૧૦૦૦ કિ.મી.ની આ શોધાર્થી દ્વારા પદયાત્રા કરવામાં આવી છે.

સંશોધનના પ્રથમ, દ્વિતીય અને તૃતીય તબક્કામાં, પુરાણોમાં બ્રહ્મક્ષેત્ર અને ઈલ્વદુર્ગ નામે ખ્યાત, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ક્ષેત્રમાંથી આ શોધાર્થીને પ્રાગૈતિહાસિક યુગના માનવની ૧૧૦ વસાહતો, ૨૫૦૦ પાષાણ ઓજારો અને ૧૬ પાષાણ સમાધિઓ તથા ત્રણ ચિત્ર મંડિત ગુફાઓ પ્રાપ્ત થઈ છે.

ખેડબ્રહ્મા ક્ષેત્રમાંથી જે મોટાં પાષાણ ઓજારો મળ્યા છે. તે ઉત્તર પ્રાચીન પાષાણ ઓજારો મળ્યા છે. કાલમાનની રીતે તપાસતાં આ મોટાં અશ્ય ઓજારો આશરે ૭૦ હજાર વર્ષ જૂના છે; જ્યારે નાનાં પાષાણ ઓજારો, અંતિમ પાષાણ યુગનાં છે. કાલમાનની રીતે આ લઘુ ઓજારો પણ ૫૦૦૦ હજાર વર્ષ જૂના છે. આ ઓજારોની તુલનાથી એ ફલિત થાય છે કે આશરે ૭૦ હજાર વર્ષ પહેલાંથી આરંભી ૫ હજાર વર્ષ સુધી પોતાનું જીવન ટકાવી રાખવા માટે આ વિસ્તારના તત્કાલીન માનવે બાણ,કુંઠાર,ચુલિયાં,બાલુન્દુ,પદક જેવાં કાપવાનાં,ચીરવાનાં,

દોરવાનાં,પહેરવાનાં વગેરે વિવિધ પાષાણ ઓજારોની રચના કરી યોગક્ષેમ માટે વિધ-વિધ પ્રવૃત્તિઓ કરી છે; અને આનંદ મેળવવા માટે તે સમયના લોકજીવનને- જંગલ-જીવનને પ્રગટ કરતાં કલાત્મક ચિત્રો પણ દોર્યાં છે. આ પ્રવૃત્તિઓ જ આજની આપણી સંસ્કૃતિનું વિકસિત રૂપ છે.

કુદરતમાંથી મળતા પથ્થરો ઉપર ફેરફાર કરવાનું કાર્ય મનુષ્યએ પૂર્વકાળથી પોતાના જીવનને ટકાવી રાખવાની પ્રવૃત્તિના અનુસંધાને જ કર્યું છે. આ પ્રાગૈતિહાસિક કાર્ય માણસ કરીને બનાવેલાં ઓજારો દ્વારા પ્રાણીજન્ય અને વનસ્પતિજન્ય ખોરાક મેળવવાની પ્રવૃત્તિ માનવે દાંતાક્ષેત્રમાં અને ખેડબ્રહ્માક્ષેત્રમાં સાધાર ઉત્તર પ્રાચીન-શશ્મયુગથી એટલે કે ૭૦ હજાર વર્ષથી કરી છે. પથ્થરનો સાધન તરીકે ઉપયોગ, આ વિસ્તારમાં નજીકના ભૂતકાળ સુધી ચાલ્યો છે. વળી- પ્રાગૈતિહાસિક કાળથી જીવન ટકાવવા માટે માનવે વનસ્પતિજન્ય ખોરાકનો જ સવિશેષ ઉપયોગ કર્યો હશે. આ બંને બાબતોનું પ્રમાણ અહીં વસતા અત્યારના ડુંગરી ભીલોની જીવન-પ્રણાલીનો અભ્યાસ કરવાથી મળી રહે છે.

સેઈ, અથરોટી, વેરૂ કુરી, ખાહરફેડું વગેરે જેવાં ૧૦ પ્રકારનાં નડ, જંગલીધાનિય હાટ્ટી, લાંબરું, બોકંદુ, ઢેબરો, વેવ જેવા જંગલી છોડ અને વેલની ૨૫ પ્રકારની ભાજી એકઠી કરીને ખાવાની પ્રાગૈતિહાસિક જીવન-રીતિ, આજે પણ ભીલોમાં પ્રચલિત છે. આ બધી વનસ્પતિઓમાં વૈદકાળથી ભોજન તરીકે વપરાતી 'નડ' નામની વનસ્પતિનો ખોરાક તરીકે ઉપયોગ ભીલો આજ દિન સુધી કરે છે.

ડુંગરી ભીલોમાં કોંબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, ધૂળાના પાટનું અનુષ્ઠાન, દેવરાના રાતીજગાનું અનુષ્ઠાન જેવાં ધાર્મિક અનુષ્ઠાનો વખતે તાજા અંગારા થાપળાની વેદી પર મૂકીને લોટ, ચોખા કે ચૂરમાનો હોમ કરવાની પરંપરિત વિધિ છે. આ સમયે પૃથ્વીની ઉત્પત્તિકથાના મંત્રો ગાવામાં કે કથવામાં આવે છે. આ કથામાં પીપળ રખી (પિપ્પલાદ ઋષિ), ધૂમ રખી (ધૌમ્ય-ધૌમ ઋષિ) ગોતમ રખી (ગૌતમ ઋષિ), વગેરે ઋષિઓના ઉલ્લેખ આવે છે. આ વિધિ-વિધાનોનું પગેરું છેક તામ્રાશ્મકાળની સંસ્કૃતિ, આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ સુધીના સમયખંડની સંસ્કૃતિ સુધી જવા સંભવ છે. ગોરના ઉત્સવ પ્રસંગે કરવામાં આવતી 'લિંગ પૂજા', દેવરાની મૂર્તિઓ સ્થાપતી વખતે કરવામાં આવતી 'સર્પપૂજા' અને મોટી ન્યાતની સમાપ્તિ સમયે કરવામાં આવતી 'વૃક્ષપૂજા'નાં મૂળ તામ્રાશ્મકાળની સંસ્કૃતિથી પણ આગળ જવા સંભવ છે.

નવ પાષાણયુગમાં-પાંચ હજાર વર્ષ પહેલાં ભારતીય ઉપખંડમાં 'નિષાદ' પ્રજા વસતી હતી. વેદમાં પણ આ પ્રજાતિનો ઉલ્લેખ “નિષાદ” નામથી થયો છે.નિષાદ એ જ આજના 'ભીલ' એમ ડી.ડી. કોસામ્બી અને રોબર્ટ શેફર દઢતાપૂર્વક માને છે. પ્રજાતિના અત્યારના અભ્યાસીઓ પણ આ ભીલોને આદિ આગ્નેય કે આદિ નિષાદ કહે છે. ભીલો ભારતની પૂર્વકાલીન જાતિઓમાં મહત્ત્વની પ્રજાતિ ગણાય છે. આ આદિવાસીઓ જ ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી અહીં વસતી હોવાથી એમને 'આદિમ જાતિ' કે 'આદિવાસી' એવું નામ આપવામાં આવ્યું છે.

ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિ નિષાદોનું કે ભીલોનું વિશેષ યોગદાન છે. ગુજરાતના ઉત્તરી પૂર્વી અને ભારતના મધ્ય ઉપખંડમાં વસતા આ લોકોએ જ અહીં નવ પાષાણયુગની સભ્યતાનો વિકાસ કર્યો છે. આ સભ્યતાએ જ આદિયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. “વસ્તુઓની ગણતરી કોડી (૨૦)ના એકમથી કરવી; લગ્ન તથા ધાર્મિક વિધિઓમાં હળદર અને સિંદૂરનો ઉપયોગ; જાદુ અને ટોણામાં વિશ્વાસ, વૃક્ષ, સર્પ અને લિંગની પૂજા; મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ અને આત્માનો બીજી યોનીમાં જન્મ ધારણ કરવો વગેરે બાબતો પર અસ્પષ્ટ વિચાર, કૂર્મ વગેરે અવતાર કથાઓ, સૃષ્ટિ-રચના બાબતની અનેક કલ્પિત કથાઓ (જેમાંના કેટલાક વિચારો ઋગ્વેદના નાસદીય સૂક્ત સાથે મળતા આવે છે); ઇંડામાંથી વિશ્વરચના જેવી કથાઓ નિષાદ કે ભીલોની ભેટ છે. એ કથાઓ પાછળથી પૌરાણિક હિંદુ ધર્મમાં અપનાવી લેવામાં આવી અને તે કેટલાક પરિવર્તન સાથે પૌરાણિક કથાઓ બની ગઈ.

તેમની કોલ કે મુંડા ભાષાઓમાંથી પક્ષીઓ, વૃક્ષો, કેટલીક ચીજવસ્તુઓ અને માનવશરીરનાં જુદાં જુદાં અંગોનાં નામ ભારતીય આર્ય ભાષાઓમાં આવ્યાં છે. દા.ત., શાલ્મલિ (શીમળો), બાલ (વાળ) અને કમ્બલ (કામળો) શબ્દ મુંડા- ઉદ્‌ભવ ધરાવે છે. તેવી રીતે કદલી (કેળ), કર્પાસ (કપાસ), તાંબુલ (નાગરવેલનાં પાન), ચાવલ (ચોખા), લકુટ (લાકડી), લિંગ, બાણ, કૂડી (કોડી), માતંગ કે ગજ (હાથી), મરફ (ભરથો-કૂકડો) જેવા ઘણા શબ્દો પણ એમાંથી ઉદ્‌ભવ્યા છે.

લગભગ ૩૨૫૦-૨૭૫૦ ઈ.પૂ.માં સિંધુ ખીણની સર્વાંગ સભ્યતાનો વિકાસ થયો હતો. ભારતીય ઉપખંડના ત્રીજા ભાગ પર વિસ્તરેલી આ અતિવિકસિત સિંધુ સભ્યતાના ઘડતરમાં દ્રવિડોનું મહત્ત્વનું યોગદાન હોવાનું મોટા ભાગના વિદ્વાનો માને છે. પણ અહીંથી મળેલાં માનવ-હાડપિંજરોના અવશેષોની તપાસ પરથી જાણવા મળ્યું છે કે આ સિંધુ ખીણની નગર સંસ્કૃતિમાં નિષાદ અને કિરાત પ્રજાતિઓ પણ વસતી હતી. આથી સાધાર અનુમાન થઈ શકે છે કે સિંધુ ખીણની સભ્યતાના વિકાસમાં નવ પાષાણયુગના નિષાદ લોકોનો પણ મહત્ત્વનો ફાળો હશે.

લોથલ એ સિંધુ સભ્યતાનું સમુદ્રકિનારે આવેલું બંદર હતું. સમુદ્રમાં થતું અને આભૂષણો માટે વપરાતું શંખલું ઉત્તર ગુજરાતના લાંઘણજના પ્રાગૈતિહાસિક ટીંબામાંથી મળી આવ્યું છે. આ શંખલું નવ પાષાણયુગના નિષાદ લોકોનો સંબંધ સમુદ્ર કે સિંધુ સભ્યતાના બંદર લોથલ સાથે જોડે છે.

ભારતનો દક્ષિણી પઠાર અને રાજસ્થાન અને ગુજરાતનો અરવલ્લી પહાડ દુનિયાના પ્રાચીન ભૂમિખંડ છે. આ બંને ભૂભાગમાંથી પ્રાચીન પાષાણયુગના લોકોની સંસ્કૃતિનાં એંધાણ મળે છે. આ ભૂભાગને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું સભ્યતા ઉદ્‌ભવ-સ્થાન કહી શકાય. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતનાં મેદાનોમાંથી મળતા પ્રાગૈતિહાસિક અવશેષો દ્વારા નવ પાષાણયુગની નિષાદ સંસ્કૃતિનો ક્રમિક વિકાસ જોઈ શકાય છે. આ યુગના લોકો પશુપાલકો અને કૃષકો હતા. આ નવ- પાષાણ યુગીન કૃષક નિષાદ લોકોએ જ સિંધુ સભ્યતાનો વિકાસ કર્યો હશે કે તેઓએ દ્રવિડ, કિરાત અને અન્ય પ્રજાતિના લોકો સાથે મળીને આ ભારતીય સભ્યતા-નગર વિકાસની ચરમ સીમા પર પહોંચાડવાનો સહિયારો પ્રયત્ન કર્યો હશે તે બાબતને સમજવા માટે વધુ પ્રાગૈતિહાસિક સંશોધનની આવશ્યકતા રહે છે.

આદિવાસીઓ હિન્દુ છે? તેઓમાં આર્ય સંસ્કારો છે? જેવા નિરર્થક પ્રશ્નો ઊભા કરીને તેઓને મૂળ ભારતીય સભ્યતાથી અલગ પાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

વસતિ-ગણતરીના હેવાલમાં જે.એ.બેઈન્સ (ઈ.સ. ૧૮૯૧) અને જે.ટી. માર્ટેન (ઈ.સ. ૧૮૯૧) જેવા પરદેશી વિદ્વાનોએ આદિવાસીઓને ગૂઢ આત્માવાદી,પૂર્વજપૂજકો,પ્રકૃતિપૂજકો,જાદુ-ટોણામાં આસ્થા ધરાવનારા અને હિન્દુધર્મથી અલગ "આદિવાસી ધર્મ" પાળનારા લોકો તરીકે વર્ણવ્યા છે.

પણ હિન્દુધર્મના પૂર્વકાલીન ધર્મ-ગ્રંથો વેદો તપાસવાથી સહેજે ખ્યાલ આવે છે કે આર્યો પણ પૂર્વપૂજકો અને પકૃતિ પૂજકો,ગૂઢ આત્માવાદી હતા.આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક લોકોની માફક આર્યોએ પ્રકૃતિ તત્ત્વોનું માનવીકરણ કરી, તેઓને દેવી-દેવતા તરીકે સ્થાપી તેઓને રાજી રાખવા સ્તુતિઓ ગાઈ છે. તેઓમાં પણ પૂર્વજપૂજા પ્રચલિત હતી અને પૂર્વજોને ખુશ કરવા શ્રાદ્ધની વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી જે આજ દિન સુધી આદિવાસીઓ અને હિન્દુઓમાં પ્રચલિત છે. તેઓનાં દેવી-દેવતાઓમાં ઉષાને પ્રભાતની દેવી, આકાશને પિતા,પૃથ્વીને બધાં પ્રાણીઓની માતા, ઈન્દ્ર અને વાયુને વરસાદના દેવતા અને બૃહસ્પતિને વાણીના દેવ ગણવામાં આવ્યા છે. ઋગ્વેદકાલીન આર્યોએ "અપ્રાકૃતિક,પ્રાકૃતિક અને ભાવાત્મક તત્ત્વો" ને દેવ-દેવીઓ તરીકે માન્યાં છે. આ દેવ-દેવીઓ આદિવાસી કે પ્રાગૈતિહાસિક દેવ-દેવીઓ સાથે સામ્ય અને નજીકનો સંબંધ ધરાવે છે. તેઓ મનુષ્યોની જેમ જ ખાતાં-પીતાં હોવાથી આર્યોના યુદ્ધ દેવતા ઇન્દ્ર સોમપાન કરે છે જ્યારે ભીલોનો શિકાર અને યુદ્ધનો દેવ આયરો મધુપાન કરે છે અને પશુબલિ લે છે. વધુ વરસાદ, પાક અને પશુઓની વૃદ્ધિ માટે આર્યો યજ્ઞો કરીને પશુબલિ ચડાવતા જ્યારે ભીલો અત્યારે પાક કે અનાજની અભિવૃદ્ધિ માટે ખેતરના ખળામાં 'રખી' નામના પ્રાકૃતિક દેવતા (વંટોળ-ચક્રવાત)ની સ્થાપના કરે છે, પશુબલિ ચડાવે છે અને શ્રીફળ વધેરે છે.

દેવોને વશ કરીને ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા અને શત્રુઓનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વશીકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્રતંત્રાદિ અને મણિ-મોતી-તાવીજો અને વિવિધ ક્રિયા-વિધિઓના પ્રયોગો બતાવ્યા છે જે અત્યારે આદિવાસીઓની જિવાતી જીવનરીતિમાં પ્રચલિત છે. ઋગ્વેદકાલીન આર્યોમાં આ ધાર્મિક અનુષ્ઠાનો તેઓના પુરોહિતો કરતા જયારે અત્યારે આદિવાસીઓના ભૂવા કે ભોપા આ ધાર્મિક વિધિઓ કરે છે. વર્તમાન આદિવાસીઓની જેમ આર્ય ઉપાસકોનો અધ્યાત્મભાવ સરળ છતાં ગૂઢ રહસ્ય સ્વરૂપે વ્યક્ત થયેલો હતો. આથી આદિવાસીઓને પ્રકૃતિપૂજકો, ગૂઢ આત્માવાદી અને જાદુ-ટોણા અને મંત્ર-તંત્રાદિમાં આસ્થા ધરાવનારા અને અલગ "આદિવાસી ધર્મ" પાળવાવાળા લોકો તરીકે ગણી ભારતીય સભ્યતાથી કે હિન્દુધર્મથી અલગ પ્રજાતિ રૂપે તારવવાની ભૂલ કરવી જોઈએ નહીં.

આર્યોને પુલિન,દ્રાવિડ,નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિન્દુ ધર્મનો,ધાર્મિક સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. આગળ દર્શાવ્યું તે પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ અને અવતાર-કથા જેવાં ભારતનાં પૌરાણિક કથાનકો,પુનર્જન્મ અને કર્મો વિશેના વિચારો, સર્પ-વૃક્ષ- લિંગ-પૂજા, 'હોમ'ની વૈદિક વિધિથી ભિન્ન હિંદુ ઉપાસના-પૂજાવિધિ વગેરેનાં મૂળ આર્યેતર પ્રજામાં છે. હિંદુ જીવનના રીત-રિવાજોમાં નાગરવેલ, સિંદુર અને હળદરનો ઉપયોગ, વહાણવટાને લગતા હુન્નરો વગેરે આર્ય સિવાયની પ્રજાનાં પ્રદાન છે. આમ વર્તમાન હિંદુ ધર્મનું સ્વરૂપ મુખ્યત્વે આર્ય અને દ્રવિડ, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલદાયી પરિણામ છે. હિન્દુધર્મનું આ સમન્વયી રૂપ, પ્રાગૈતિહાસિક સભ્યતાથી આરંભી તામ્રાશ્મ, ઐતિહાસિક અને સ્વતંત્ર ભારતની વર્તમાન સભ્યતા સુધી અભિન્ન રહ્યું છે. અહીં ખેડબ્રહ્મા અને દાંતા ક્ષેત્રમાંથી ભીલ સમાજ અને સંસ્કૃતિ વિશે જે માહિતી સંશોધિત-સંકલિત કરી છે, તેને તપાસતાં પણ આ બાબતનો ખ્યાલ સહેજે આવે છે.

ભીલોનો લિખિત ઇતિહાસ તપાસતાં સન્ ૫૨૫ (સં. ૫૮૦)માં યવનોના હુમલાથી સિસોદિયા વંશનો રાજપૂત રાજા શીલાદિત્ય મરાયો અને વલ્લભીપુરનો નાશ થયો ત્યારે ઈડર વિસ્તારમાં માંડલિક નામે ભીલ રાજા રાજ કરતો હતો. આ ઉપરાંત સં. ૧૨૫૦ થી સં. ૧૩૦૨ સુધી ઈડરની ગાદી પર ભીલ રાજા હાથી સોડ અને તેના પુત્ર શામળિયા સોડે રાજ કર્યાના લિખિત ઐતિહાસિક ઉલ્લેખો "ઈડર રાજ્યનો ઈતિહાસ" પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

ભૂગોળની રીતે સ્થળ નામો તપાસતાં "ભીલી પ્રજાનો વિસ્તાર, ઘણા વિશાળ પ્રદેશ પર હોવાનું ભીલોડા,ભીલ્લમાળ,ભીલાડ,જેવાં મધ્યપ્રદેશ,રાજસ્થાન મહારાષ્ટ્ર અને ગુજરાતમાં દેખાતાં સ્થળ-નામો સૂચવે છે. તેમનું એક મહત્ત્વનું રાજય આશાવલ આજના અમદાવાદ વિસ્તારમાં આશરે આઠમી સદીથી ૧૧મી સદી સુધી હતું. તેનો નાશ, પાટણના ચૌલુક્ય કે સોલંકી રાજવી કર્ણદેવે કર્યો હતો, તે ભીલોની ઉચ્ચ રાજકીય કક્ષા દર્શાવે છે. તેમનાં વિવિધ ગોત્રોમાં આ બાબતની ઘણી ઐતિહાસિક માહિતી સચવાઈ છે.

દાંતા,ખેડબ્રહ્મા અને રાજસ્થાનના કોટડા ક્ષેત્રના ભીલો રાજપૂતોમાં પ્રચલિત રાઠોડ, પરમાર, હોળગી (સોલંકી) જેવાં ગોત્રો ધરાવે છે અને રાજપૂતોની માફક સ્થાનિક લોકો પર સત્તા ભોગવવાની પરંપરા દેશ આઝાદ થયો ત્યાં સુધી ચાલુ રહી છે. આ વિસ્તારના મામેર પટ્ટા અને પાનરવા પટ્ટાના ભીલ પ્રદેશમાં, ભીલવા ઠાકોરોની જાગીરો નજીકના ભૂતકાળ સુધી ચાલુ રહી છે.

ડૉ.ર.ના.મહેતા નોંધે છે એ પ્રમાણે "હિન્દુસ્તાનમાં સિંધુ નદીની સંસ્કૃતિના કાળ પછી આર્યોનું આગમન થયાની આપણી સદીના પૂર્વાર્ધની વિચારણા પ્રમાણાશ્રિત ન હોવાથી છોડી દેવી જોઈએ." જેથી ભારતીય સંસ્કૃતિ એટલે આર્ય સંસ્કૃતિ એવું સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહીં શકાય. "ભારતીય સભ્યતા કેવળ નોર્ડિક આર્ય જાતિની, કુલીન લોકોની જ સંસ્કૃતિ નથી. એ તો એકાદ પથ્થર સ્થાપીને એના પર જ સિંદૂર ચોપડી એની પૂજા કરનારા લોકોથી માંડીને, અદ્વૈતની મહત્તમ અનુભૂતિ સુધીનાં વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારતભૂમિને રંગમયી, વિચારમયી, ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે.

રામકૃષ્ણ વેદાન્ત મઠના સ્વામી શંકરાનંદ પોતાના પુસ્તક "હિંદુ સ્ટેટ્સ ઑફ સુમેરિયા"માં નોંધે છે તે પ્રમાણે સમન્વયકારી ભારતીય સભ્યતાના વિકાસરૂપ "યુક્રેટિસના પટ પર અનેક હિંદુ નગરરાજ્યો વિસ્તરેલાં હતાં." આમ "આર્ય તત્ત્વોના તાણાઓ અને આર્યેતર તત્ત્વોના વાણાઓએ સમન્વયી ભારતીય સંસ્કૃતિનું પોત વણ્યું છે." અને આ ભારતીય સભ્યતા-સંસ્કૃતિનું ભાતીગળ રૂપ આર્યો અને અન્ય પ્રજાતિઓએ ભારત બહાર પણ પ્રસરાવ્યું છે.

અખંડ ભારતની એકતાને વધુ દૃઢ અને મજબૂત બનાવવાની દાઝ રાખનાર અને ભારતના વર્તમાન અને ભવિષ્યના સર્વાંગી વિકાસનું હંમેશાં ચિંતન કરનાર જાગ્રત ભારતીય નાગરિકને ભારતીય સંસ્કૃતિનાં આદિમૂળ ભીલ સંસ્કૃતિને તેના મૂળ સંદર્ભ સાથે જોઈને સમજ્યા વિના આજે કે આગામી વર્ષોમાં પાલવે તેમ નથી જ નથી.

પ્રસ્તુત લેખમાં ઉતર ગુજરાતની ભીલી સભ્યતાઓ અને સંસ્કૃતિ વિશે સૂક્ષ્મતમ માહિતી આપવામાં કરવામાં આવી છે. અહી ઉતર-પૂર્વ દિશા તરફ અરવલ્લી પહાડ સુધી વિસ્તરેલાં ઉતર ગુજરાતમાંથી પ્રાપ્ત ભીલોની વર્તમાન જીવન રીતિ અને કંઠસ્થ સાહિત્ય,ગુફાચિત્રો પાષાણ,ઓજારો વગેરેની માહિતી આપવામાં આવી છે. તે લોકોનો પહેરવેશ, બોલી, સભ્યતા, પ્રથા,ખાણીપીણી વગેરેની માહિતી પ્રદાન કરેલ છે.

❖ સંદર્ભ ગ્રંથો

૧.વનસ્વર,સંપાદક;ડૉ બળવંત જાની

૨.લોકગુર્જરી,અંક ૨૧-૨૫

૩.લોક સાહિત્ય અને સંસ્કૃતિ,જયમલ્લ પરમાર